જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૧/૨૦૧૬ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી ૨૪૨ લીટર દેશી દારૂ, ૮૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૪૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૨૧૩/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૬૧/૧૬**

**ગાયકવાડ હવેલીઃ** રખિયાલ વિસ્તારમાં રહેતી ૩૧ વર્ષની મહીલાએ તા.૨૧/૧/૧૬ નારોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૮/૧૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અમઝતખાન ઉર્ફે સમીર નસીમએહમદ રાજપુત (રહે.નુરનગર રખિયાલ) એ લગ્ન કરવાની લાલચ આપી મહીલાને લલચાવી ફોસલાવી અવાર-નવાર અલગ-અલગ જગ્યાએ લઈ જઈ મહીલાની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. તેમજ મહિલાનું મકાન અને દાગીના વેચાવી લગ્ન નહી કરી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી યુ પાડવી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૬૨/૧૬**

**કૃષ્ણનગરઃ (૧)** રાજેશભાઈ દેવેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ (રહે.માતૃ વીલેજ સોસાયટી ડી માર્ટની પાછળ નીકોલ) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧/૧૬ રાતના ૯/૩૦ થી તા.૨૨/૧/૧૬ સવારના ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન હીરાવાડી કિર્તી ડેરીની બાજુમાં રામેશ્વર પાર્ક ખાતે આવેલ ગાયત્રી એન્ટરપ્રાઈઝ નામની પોતાની દુકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી એલઈડી ટીવી નંગ-૭ કિમત રૂપિયા ૨,૧૧,૦૦૦/- અને તિજોરીમાંથી રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૧૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી આર સંગાડા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**(૨)** આનંદભાઈ લક્ષ્મણભાઈ બારોટ (રહે.શુકન એપાર્ટમેન્ટ કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧/૧૬ બપોરના ૧/૩૦ થી સાંજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૮૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ એલ રાઠોડ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૩/૧૬**

**સરદારનગરઃ** જયાબહેન પ્રેમભાઈ ઠાકુરદાસ (ઉ.વ.૪૫) (રહે.આરગ્રીન ફ્લેટ, રાધે રાધે ની બાજુમાં સરદારનગર) તા.૨૨/૧/૧૬ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ જયાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જયાબહેન ઠાકુરદાસે સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી એસ વાઘેલા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૪/૧૬**

**વસ્ત્રાપુરઃ** નમન સંજ્યભાઇ મીલક (રહે.સનરાઇઝ સંજીવની હોસ્પીલ પાસે વસ્ત્રાપુર)એ તા.૨૧/૧/૧૬ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૧/૧૬ સાંજના ૬/૩૦ થી રાતના ૮/૧૦ વાગ્યા દરમ્યાન ગુરૂકુળ રોડ મહાત્મા ગાંધી ઇન્સ્ટીટ્યુટની બાજુના ભાગે પાર્ક કરેલ પોતાની ગાડીના દરવાજાનો કાચ તોડી ગાડીમાંથી લેપટોપ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- અને જરૂરી કાગળોની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે.આ ગુનાની તપાસ હે.કો.શ્રી કેશવભાઈ બબાભાઈ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૫/૧૬**

**સોલા હાઈકોર્ટઃ** રાકેશભાઈ સુમલાભાઈ ભાભોર (રહે.રેન બસેરા સોલાબ્રીજ નીચે મલ્હાર હોટલની સામે સોલા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧/૧૬ કલાક ૫/૦૦ વાગ્યાના સુમારે રહેણાંકના પાર્કિંગમાં પાર્ક કરેલ પોતાની ટવેરા કાર નંબર જીજે ૫ સીઈ ૧૧૦૯ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે.આ ગુનાની તપાસ પોસઇશ્રી પી કે અસોડા ચલાવે છે.

**ટ્રેનની અડફેટે મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૬૬/૧૬**

**સાબરમતીઃ** પ્રકાશપુંજાભાઈ વાઘેલા (ઉ.વ.૨૪)(રહે.ગાંધીવાસ રામાપિરના મંદિર પાસે સાબરમતી) સાબરમતી ઉમાભવાની ગણપતી મંદીર પાસે યાશીકા ફેક્ટરી એન્ડ મેન પાવરસોલ્યુશન નામની કુરીયર કંપની ખાતે જતા હતા ત્યારે ટ્રેનની અડફેટે આવી જતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દીનેશભાઈ મંગુભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)